ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः ॐ परम तत्वाय नारायणाय गुरुभ्यो नमः

**વાંચો અંદરના પેજ પર**



વડોદરામાં ભાજપના કાઉન્સિલરો જેકેટ વગર તરાપા પર સવાર થયાં

RNI NO.(OLD)NEW :(93246)GUJGUJ/2007/20689 TITLE CODE:GUJGUJ11616
ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, વડોદરા, જુનાગઢ અને સુરત જિલ્લાઓમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર દૈનિક
સ્થાપના : 31 મે 2007

# કિસાનરાજ

સમગ્ર ભારતનું કિસાનો માટેનું એકમાત્ર દૈનીક સમાચાર પત્ર

**વાંચો અંદરના પેજ પર**



સનીએ મુસ્લિમનું પાત્ર ભજવ્યું

•સ્થાપક તંત્રી : હસુભાઈ ઠાકર •તંત્રી ડો. ઈલેવાન ઠાકર •Year - 20 •Issue 86 • SUNDAY-23-08-2026 •Price0.50/-(Paisa), Annual : 150/- •Page: 4+4

કાર્યાલય : 403, ચોથે માળ, અખબાર ભવન સેક્ટર-11, ગાંધીનગર-382011(ગુજ.) અમદાવાદ કાર્યાલય : 5 અવની હાઉસ બીજો માળ, મીઠાખડી રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખડી ગામ, એલિસબ્રિજ, અમદાવાદ-380006 e-mail:kisanrajdaily@yahoo.com મો.:9978407016, 93288 95485

ટ્રમ્પે કહ્યું - તેમની મરજી પ્રમાણે ડીલ નહીં થાય

## અમેરિકાની તેહરાન પર નવા પ્રતિબંધો લાદવાની તૈયારી

હજુ પણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ મોટો મુદ્દો

### અમેરિકાનો આર્થિક દબાણ વધારવાનો પ્લાન



**• વોશિંગ્ટન**

અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સ્થાપવાના પ્રયાસો વચ્ચે ટ્રમ્પે કહ્યું કે, તેહરાન સમાધાન ઈચ્છે છે, પરંતુ તેઓ તેમની શરતોએ ડીલ કરવા તૈયાર નથી. વોશિંગ્ટન ઈરાન પર નવા પ્રતિબંધો લાદવાની તૈયારી કરી રહ્યું છે. જોકે, ઈરાનના રાષ્ટ્રપતિ પેજેશકિયને યુદ્ધ સમાપ્ત કરવાની વાત કરી, પરંતુ પોતાની શરતોએ. બંને દેશો વચ્ચેની વાતચીત સ્થગિત થતા તણાવ યથાવત છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવાના પ્રયત્નો વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, તેહરાન સમાધાન કરવા માગે છે, પરંતુ તેઓ તેમના મુજબ ડીલ કરવા માટે હમણાં તૈયાર નથી. ટ્રમ્પના આ નિવેદનથી બંને દેશો વચ્ચે રાજદ્વારી વાતચીત પૂરી થવાની આશા પર પાણી ફરી વળ્યું છે.

વોશિંગ્ટન તેહરાન પર આર્થિક દબાણ વધારવાની તૈયારી કરી રહ્યું છે અને નવા પ્રતિબંધો લાદવાનું વિચારી રહ્યું છે, તે સમયે ટ્રમ્પનું આ નિવેદન સામે આવ્યું છે. તો બીજી તરફ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશકિયને યુદ્ધ પૂર્ણ કરવાની વાત કરી છે. તેમનું કહેવું છે કે, ઈરાન હાલ પણ પોતાની તાકાત અને શરતો પ્રમાણે યુદ્ધ પૂરું કરવા માટે તૈયાર છે.

પેજેશકિયને દાવો કર્યો છે કે, દુનિયાએ ઈરાનની જીત સ્વીકારી છે અને અમેરિકા પર ઈરાનની સ્કૂલો, હોસ્પિટલો અને ઈમારતો તોડવાનો આરોપ લગાવ્યો છે. તેનો સીધો મતલબ એ થાય છે કે, બંને પક્ષ યુદ્ધ પૂર્ણ કરવા માટેની વાતચીત તો કરી રહ્યા છે, પરંતુ સમાધાન માટેની શરતોને લઈને બંને વચ્ચે અંતર જોવા મળ્યું છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે સિઝફાયર બાદ એક કરાર મામલે વાતચીત થઈ હતી. તે માટે 60 દિવસનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ આ સમય પૂરો થયા પછી પણ કોઈ સ્થાયી સમાધાન થઈ શક્યું નથી. બંને પક્ષ સમાધાન ન થવા માટે એકબીજાને જવાબદાર ઠેરવી રહ્યા છે.

ઈરાનની મુખ્ય માગણીઓમાં અમેરિકાની નાકાબંધી હટાવવી, અમેરિકન સૈનિકોની વાપસી અને યુદ્ધથી થયેલા નુકસાનના વળતરનો સમાવેશ થાય છે. બીજી તરફ, ટ્રમ્પ પ્રશાસન ઈરાન પાસેથી પરમાણુ કાર્યક્રમ અને અન્ય વ્યૂહાત્મક મુદ્દાઓ પર મોટી છૂટછાટો ઈચ્છે છે. અમેરિકા હવે સૈન્ય કાર્યવાહી સાથે સાથે આર્થિક દબાણ વધારવાની રણનીતિ પર આગળ વધી રહ્યું છે. વોશિંગ્ટન તરફથી ઈરાન પર નવા અને કડક પ્રતિબંધ લગાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. ઈરાને આ પ્રતિબંધો તેમના સાર્વભૌમત્વ અને અન્ય દેશોના સાર્વભૌમત્વ વિરોધી ગણાવ્યા છે.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ અમેરિકાના આ પગલાંને ક્લાસિક ઔપનિવેશિક નીતિની વાપસી ગણાવી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, પ્રતિબંધો મુદ્દે પણ બંને દેશો વચ્ચેનો તણાવ ઓછો થયો નથી. હાલ પણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંને દેશો વચ્ચે મહત્ત્વનો મુદ્દો છે. ઉલ્લેખનીય છે કે, સ્ટ્રેટ ઓફ હોર્મુઝ તેલ પરિવહન માટે દુનિયાના પ્રમુખ માર્ગમાંથી એક છે અને ત્યાં વધી રહેલો તણાવ વૈશ્વિક ઉર્જા બજાર પર સીધી અસર કરે છે. ઈરાન અને અમેરિકા વચ્ચે તેને લઈને પણ મતભેદ છે. ઈરાનનું કહેવું છે કે, નાકાબંધી અને અમેરિકન સૈન્ય દબાણ હટાવ્યા વગર સમાધાન સુધી પહોંચવું મુશ્કેલ છે. તો બીજી તરફ, અમેરિકાએ તેહરાન પર દબાણ બનાવી રાખ્યું છે.

મહારાષ્ટ્રમાં અભિજિત દીપકે સામે FIR

## સરકારી શાળામાં ઘૂસી 'હોબાળો' અને શિક્ષકોને ધમકી આપવાનો આરોપ

### શાળામાં ઘૂસીને ફોટોગ્રાફી કરવાનો આરોપ

**• લાતુર**

મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજિત દીપકે અને 4-5 સાથીઓ સામે ફરિયાદ નોંધાઈ છે. ઔસા પોલીસ સ્ટેશનમાં સરકારી શાળામાં ગેરકાયદે ઘૂસી હોબાળો મચાવવા, ફોટોગ્રાફી કરવા અને શૈક્ષણિક કાર્યમાં અડચણ ઊભી કરવાના આરોપસર ગુનો દાખલ થયો છે. શિક્ષકોને સસ્પેન્ડ કરવાની ધમકી પણ અપાઈ હતી. પોલીસે તપાસ શરૂ કરી છે.

મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં કોકરોચ જનતા પાર્ટીના ફાઉન્ડર અભિજિત દીપકે અને તેમના સાથીઓ સામે સરકારી શાળામાં ગેરકાયદે ઘૂસીને હોબાળો મચાવવા તેમજ શૈક્ષણિક કામકાજમાં અડચણ ઊભી કરવાના આરોપસર પોલીસ ફરિયાદ નોંધાઈ છે. લાતુર જિલ્લાના ઔસા પોલીસ સ્ટેશનમાં અભિજિત દીપકે અને અજિંક્ય શિંદે સહિત 4 થી 5 લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



શિક્ષકો દ્વારા પોલીસમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, 20 ઓગસ્ટના રોજ બપોરે આશરે 1:00 વાગ્યે અભિજિત દીપકે, અજિંક્ય શિંદે અને અન્ય કેટલાક લોકો અચાનક સરકારી શાળાના પરિસરમાં પહોંચ્યા હતા. આરોપ છે કે તેમણે તંત્રની કોઈપણ પરવાનગી વિના વર્ગખંડોમાં પ્રવેશ કર્યો હતો અને વિદ્યાર્થીઓને વિવિધ પ્રશ્નો પૂછીને દોઢથી 2 કલાક સુધી રોકાણ કર્યું હતું. આ દરમિયાન વર્ગખંડમાં ફોટોગ્રાફી પણ કરવામાં આવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, શાળા પરિસરમાં અન્ય શાળાના વિદ્યાર્થીઓને બેસાડવા બાબતે અભિજિત દીપકે અને તેમની ટીમનો શિક્ષકો સાથે ઉગ્ર વિવાદ થયો હતો. શિક્ષકોનો આરોપ છે કે વિવાદ દરમિયાન અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને શિક્ષકોને નોકરીમાંથી સસ્પેન્ડ કરાવી દેવાની ધમકીઓ આપવામાં આવી હતી, જેના કારણે શાળાના નિયમિત શૈક્ષણિક કાર્યમાં ગંભીર વિક્ષેપ પડ્યો હતો. શિક્ષકોની લેખિત ફરિયાદના આધારે ઔસા પોલીસે ગુનો નોંધીને કેસની તપાસ શરૂ કરી છે. પોલીસ શાળાના સ્ટાફ અને ઉપસ્થિત પ્રત્યક્ષદર્શીઓના નિવેદનો નોંધી રહી છે.

પુણેમાં વિદ્યાર્થિનીઓ સાથે રાહુલ ગાંધીનો સંવાદ

## તમારી ઓળખ માત્ર પતિ, પિતા કે પુત્રથી નથી : રાહુલ ગાંધી

### મંચ પરથી યુવતીએ વર્ણવી આપવીતી

**• પુણે**

પુણેમાં 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમમાં રાહુલ ગાંધીએ મહિલા સશક્તિકરણ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, મહિલાઓની ઓળખ પિતા, પતિ કે પુત્રથી નહીં, પણ સ્વતંત્ર હોવી જોઈએ. 'મનુસ્મૃતિ' મહિલાઓને સંપત્તિ ગણે છે તે શરમજનક છે. એક યુવતીએ ગઢચિરોલીમાં પ્રેગ્નન્સી ટેસ્ટની આપવીતી વર્ણવી. રાહુલ ગાંધીએ મહિલાઓને અવાજ ઉઠાવી પોતાના હક માટે લડવા આહ્વાન કર્યું.



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શનિવારે પુણેમાં 'છાત્રો કી ગૂંજ' (વિદ્યાર્થીઓનો અવાજ) કાર્યક્રમમાં હાજરી આપી હતી. રાહુલ ગાંધીએ યુવાઓને સંબોધન કરતા કહ્યુ કે, દેશની યુવતીઓ અને મહિલાઓનું આઝાદ હોવું ખૂબ જ જરૂરી છે. પિતા, પતિ અને પુત્ર સાથે તમારો સંબંધ ચોક્કસ છે, પરંતુ તમારી ઓળખ તેમનાથી નથી. તેમણે ઉમેર્યું હતું કે, 'મનુસ્મૃતિ કહે છે કે, યુવતી કે મહિલા એ તેના પિતા, પતિ કે બાળકોની સંપત્તિ છે. આ બાબત શરમજનક છે. મહિલાઓ સ્વતંત્ર હોવી જોઈએ, તેઓ કોઈના પર નિર્ભર નથી. દેશમાં માત્ર 8% મહિલાઓ પાસે જ પોતાની માલિકીની પ્રોપર્ટી છે.'


આ કાર્યક્રમ દરમિયાન મંચ પર આવેલી એક યુવતીએ ચોંકાવનારો દાવો કરતાં કહ્યું કે, 'ગઢચિરોલીમાં જ્યારે અમે અભ્યાસ કે અન્ય કામ અર્થે એક મહિનાથી વધુ સમય માટે ઘરથી બહાર જઈએ છીએ, ત્યારે પાછા ફરવા પર વહીવટીતંત્ર દ્વારા અમારો પ્રેગ્નન્સી ટેસ્ટ કરાવવા માટે કહેવામાં આવે છે. જ્યારે અમે પૂછીએ છીએ કે આવું કેમ, તો કહેવામાં આવે છે કે આટલા દિવસ બહાર રહ્યા તો કોઈ જીવલેણ બીમારી તો નથી થઈ ને!'

## 'ટેક્સ અમે આપીએ છીએ..', બોલવાવાળી Gen-Z યુવતીને લોકોએ કરાવ્યું ભાન

### જવાનોના વીડિયો થયા વાઈરલ

**• લદ્દાખ**

લદાખમાં 'Gen-Z' યુવતીના વાઈરલ વીડિયોએ સોશિયલ મીડિયા પર ખળભળાટ મચાવ્યો છે. યુવતીએ સુરક્ષાકર્મીઓ સામે ટેક્સના પૈસાથી પગાર મળતો હોવાનો દાવો કર્યો, જેના પર ઉમર અબ્દુલ્લાએ પણ ટિપ્પણી કરી. આ ઘટના બાદ ભારતીય સેનાના સમર્પણના વીડિયો વાઈરલ થયા, જેમાં જવાનો વરસાદમાં ટ્રાફિક નિયંત્રિત કરતા અને ખરાબ હવામાનમાં મદદ કરતા દેખાયા. ભૂતપૂર્વ સૈનિકોએ 'પગાર'થી મોટી દેશસેવાની ભાવના વ્યક્ત કરી.



લદાખમાં સુરક્ષાબળો સાથે જોડાયેલા એક વાઈરલ વીડિયો બાદ સોશિયલ મીડિયા પર મોટો વિવાદ ઊભો થયો છે. વીડિયોમાં એક યુવતી પોતાની જાતને 'Gen-Z' ગણાવીને જવાનો સામે વિરોધ નોંધાવતી અને ટેક્સના પૈસાથી પગાર મળતો હોવાનો દાવો કરતી જોવા મળે છે. આ વીડિયો વાઈરલ થતાં જ જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ પણ આકરો તંજ કસતા સવાલ ઉઠાવ્યો હતો કે શું આજકાલ 'Gen-Z' હોવાનું બહાનુ બતાવવું એ જૂના સમયના 'તૂ જાણતા નહીં મેરા બાપ કૌન હૈ' જેવું બની ગયું છે? યુવતીએ બાદમાં માફી પણ માગી લીધી હતી, પરંતુ આ મુદ્દે ઈન્ટરનેટ પર ચર્ચા હજુ પણ થંભવાનું નામ નથી લઈ રહી. વાઈરલ વીડિયોમાં યુવતીના આક્રમક વલણ સામે પણ સ્થાનિક

અત્યારે પણ વૈશ્વિક ગરમી સરેરાશ કરતા 1.5 ડીગ્રી વધુ

## અલ-નીનો 100 વર્ષનું સૌથી ભયંકર અર્થતંત્રને 3 વર્ષ પાછળ ધકેલશે

### પ્રશાંત મહાસાગરનું તાપમાન અત્યારે 2.6 ડીગ્રી તે નવેમ્બર સુધીમાં 3.9 ડીગ્રીએ પહોંચશે

**• નવી દિલ્હી**

ગુજરાતમાં છેલ્લા બે અઠવાડિયાથી છુટા છવાયા વરસાદ સિવાય મેઘવિરામ છે. દેશના અન્ય ભાગોમાં પણ અત્યાર સુધી વરસાદી અનિયમિતતા વચ્ચે વરસાદની ખાધ છે. ચોમાસાને વેરવિખેર કરતા અલનીનોને કારણે આ હાલત છે. જ્યારે વર્તમાન પેઢીએ ક્યારેય નિહાળી ન હોય તેવી ભયાનક હવામાન અસર અલનીનોથી સર્જાય તેમ હોવાની ડરામણી આગાહી કરવામાં આવી છે.

હવામાન વૈજ્ઞાનિકોએ કહ્યું કે વર્તમાન સક્રિય અલનીનો ચાલુ સદીનું-છેલ્લા 100 વર્ષનું સૌથી ભયંકર અને શક્તિશાળી બની રહેવાની શક્યતા છે અને એમ કહ્યું છે કે 2027માં અલનીનોની ભયાનક અક્ષર દુનિયાના અર્થતંત્રને 2024માં ધકેલી દેશે. અર્થાત ત્રણ વર્ષ પાછળ કરી દેશે સાથોસાથ 2024નો સૌથી વધુ ગરમી-તાપમાનનો રેકોર્ડ પણ તૂટી જવાની ભીતિ છે.

અલનીનોને કારણે ચોમાસા પર પ્રભાવ પડ્યો જ છે. ભારતના અનેક ભાગોમાં વરસાદી ખાધ વધુ છે. દેશ લેવલે પણ વરસાદની ખાધ છે. કૃષિ ક્ષેત્ર પર સંકટ સર્જાવાની ભીતિ છે. આ ઉપરાંત આવતા મહિનાઓમાં તાપમાનમાં પણ વધારો થવાની શક્યતા છે. તાપમાન સરેરાશ કરતા ત્રણ ડીગ્રી વધુ રહી શકે છે.

બ્રિટીશ એજન્સીના રીપોર્ટમાં એવી ચેતવણી આપવામાં આવી છે કે છેલ્લા 100 વર્ષમાં લોકોએ અનુભવી ન હોય તેવી અલનીનોની અસર ચાલુ અને આવતા (2026 અને 2027) વર્ષમાં જોવા મળશે. પ્રશાંત મહાસાગરનું તાપમાન હજુ સતત વધી રહ્યું છે.

2025ની સરખામણી કરવામાં આવે તો તાપમાન 2.6 ડીગ્રી વધુ છે. નવેમ્બર સુધીમાં 3.9 ડીગ્રી ઉંચે પહોંચી શકે છે. અનુમાન મુજબ જ અલનીનો ભયંકર બને તો સમગ્ર દુનિયાનું હવામાન પ્રભાવિત બનશે અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠશે.

હવામાન વૈજ્ઞાનિકોએ કહ્યું કે અનુમાન પ્રમાણે જ ભયાનક અસરના સંજોગોમાં 2027માં તાપમાન-ગરમીના તમામ રેકોર્ડ તૂટી જશે. અલનીનોનો પ્રભાવ 9 મહિનાથી માંડીને 12 મહિના રહેતો હોય છે અને દુનિયાભરમાં તાપમાન પ્રભાવિત હોય છે. હવામાન વિજ્ઞાની નિક હુન્સ્ટોને કહ્યું કે અત્યારે દુનિયાનું તાપમાન સરેરાશ કરતા 1.5 ડીગ્રી વધુ છે. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી અલનીનોની અસર ચોમાસા પર વર્તાય રહી જ છે.

રાષ્ટ્રીયકૃત બેન્કોમાં કોર્પોરેટ કલ્ચરનો અભાવ

## કોર્પોરેટથી કરન્ટ - સેવિંગ્સ બીઝનેસમાં ખાનગી સામે સરકારી બેન્કો પાછળ રહી ગઈ

### સરકારનું વધુ પડતુ નિયંત્રણ કારણરૂપ : નફાકારક બીઝનેસમાં હીસ્સો ઘટયો

**• નવી દિલ્હી**

દેશમાં વધતા જતા બેન્કીંગ ઉપયોગ વચ્ચે હવે અનેક મહત્વના બીઝનેસમાં રાષ્ટ્રીયકૃત બેન્કો ધીમે ધીમે ખાનગી બેન્કો કરતા પાછળ જઈ રહી છે અને ખૂબજ મહત્વનો બીઝનેસ ગુમાવી રહી છે.

આ અંગે હાલમાં જ ખુદ નાણામંત્રાલયના એક આયોજનમાં આ ચિત્ર રજુ કરાયુ હતું. જેમાં હાઈ વેલ્યુ સેગમેન્ટ જેમકે ક્રેડીટ કાર્ડ-વેલ્થ મેનેજમેન્ટ જેવા વ્યાપાર ખાનગી બેન્કો હસ્તગત કરી રહી છે. ફકત ખાનગી જ નહી વિદેશી બેન્કો પણ આ પ્રકારના બીઝનેસ જયાં મોટા નફાની શકયતા હોય તે અગ્રણી રહી છે. ફકત હાઈ વેલ્યુ જ નહી બેન્કો રોજબરોજના વ્યવહારો માટેના કરન્ટ એકાઉન્ટ તથા સેવિંગ્સ એકાઉન્ટના કુલ થાપણોની બાબતમાં પણ રાષ્ટ્રીયકૃત બેન્કો પાછળ જઈ રહી છે. આ અત્યંત નીચા ખર્ચમાં ધંધો છે તે ગુમાવવાથી રાષ્ટ્રીયકૃત બેન્કોને ઉંચા વ્યાજની થાપણ પર વધુ જવું પડે છે. જે તેની નફાશક્તિને અસર કરે છે.

રાષ્ટ્રીયકૃત બેન્કો પર સરકારનો અંકુશ વધુ હોવાથી તેને સરકારની યોજનામાં પ્રાધાન્ય આપવુ પડે છે તથા તેની વ્યાપાર માનસીકતા સરકારી વધુ થઈ છે. ઝડપી નિર્ણયના અભાવ મુખ્ય કારણ છે. કોર્પોરેટ, ટ્રાવેલ, બીઝનેસ, કાર્ડમાં ખાનગી બેન્કો આગળ છે. રાષ્ટ્રીયકૃત બેન્કો પાસે કોર્પોરેટ સ્ટાઈલનું કલ્ચર નથી તેથી તે નવા બીઝનેસમાં ઝડપથી જઈ શકતી નથી અને તેથી સરકારી યોજનામાં હોવા છતાં એમ.એસ.એમ.ઈ. પણ હવે ખાનગી બેન્કો તરફ વળી રહ્યા છે.

વિકસીત ભારતના સપના દેખાડનારના રાજમાં વરવી વાસ્તવિકતા

## સામાન્ય વર્ગ બેહાલ : ખાંડથી માંડીને કાર બન્યા મોંઘાદાટ

### રસોઈનું બજેટ બગડયું

**• નવી દિલ્હી**

વિકસીત ભારતનું સપનુ જોતા ભાજપના રાજમાં વરવી વાસ્તવિકતાએ છે કે રોજબરોજની વપરાશની ચીજવસ્તુઓ મોંઘી થતા આયોજનનું જીવવું દુષ્કર થઈ ગયું છે. પરિવારો માટે મોંઘવારી કોઈ આર્થિક આંકડાના રૂપમાં ટકામાં નથી આવતી. બલકે શાકભાજીના સ્ટોલ પર જોવા મળે છે. કરિયાણાની દુકાનમાં જોવા મળે છે. કારના શો રૂમમાં વધેલા બિલમાં અનુભવાય છે. મોંઘવારી ઘરના દરેક ખૂણામાં પહોંચી ગઈ છે. બિસ્કુટ, ટુથપેસ્ટ, હેરઓઈલ ખરીદવા જાઓ તો બની શકે કે તેની કિંમત વધી ગઈ હોય.

આનું કારણ ઈરાન સંકટના કારણે કાચુ તેલ, કાચો માલ, પેકેજીંગ ખર્ચ, માલ પરિવહન વગેરે હોઈ શકે છે. પરિસ્થિતિ એ છે કે શાકભાજી ખરીદતી વખતે મફતમાં મળતી કોથમીરના ભાવ પણ 220 રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે. ખાંડ, ચોખા, તેલ, આદુ, લસણ સહિત રોજબરોજના વપરાશની વસ્તુઓના ભાવે રસોઈનું બજેટ બગાડી નાખ્યું છે. ખાંડની કિંમતમાં બે મહિનામાં લગભગ 40 ટકાનો વધારો થયો છે. ટાટા કન્ઝયુમર પ્રોડકટસે મીઠાના એક પેકેટની કિંમત અગાઉથી જ 30 રૂપિયાથી વધારીને 32 રૂપિયા કરી નાખી છે. સરસવથી માંડીને સૂરજમુખી, મગફળી, પામ ઓઈલ 10થી27 ટકા મોંઘા થઈ ગયા છે.

Gen-Zને આકર્ષવા ભાજપના ધમપછાડા

## સ્મૃતિ ઈરાની-હર્ષ સંઘવી સહિત 5 નેતાઓને સોંપાઈ જવાબદારી

### નાગરિકો સાથે સંવાદ, ચર્ચા અને સમન્વય

**• અમદાવાદ**

ભાજપે Gen-Z અને યુવાનો સાથે જોડાણ મજબૂત કરવા ખાસ આઉટરીચ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ માટે ઉચ્ચ સ્તરીય કેન્દ્રીય ટીમની રચના થઈ છે. જેમાં નીતિન નવીન, સ્મૃતિ ઈરાની, વિનોદ તાવડે, હર્ષ સંઘવી અને ઓ.પી. ચૌધરી જેવા નેતાઓનો સમાવેશ થાય છે. આ ટીમ યુવાનોની આકાંક્ષાઓ સમજી ભાજપના ટોચના નેતૃત્વ સાથે તેમને સીધો સંવાદ કરાવશે. રોજગાર, શિક્ષણ જેવા મુદ્દાઓ પર યુવાનોના વિચારોને ભાજપ પોતાના એજન્ડામાં સામેલ કરશે.

ભારતીય જનતા પાર્ટી (BJP) એ દેશના યુવાનો અને જનરેશન ઝેડ (Gen-Z) સાથે પોતાનો સંપર્ક વધુ મજબૂત કરવા માટે એક ખાસ આઉટરીચ પ્રોગ્રામ શરૂ કરવાની તૈયારી કરી છે. આ માટે પાર્ટીએ એક ઉચ્ચ સ્તરીય કેન્દ્રીય ટીમની રચના કરી છે. પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ખાસ આઉટરીચ અભિયાનનું નેતૃત્વ કરવા માટે ગઠિત ટીમમાં સંગઠનાત્મક અનુભવ અને યુવા નેતૃત્વનો સમન્વય કરવામાં આવ્યો છે. આ ટીમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન ઉપરાંત, રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઈરાની અને વિનોદ તાવડે પણ સામેલ છે. સાથે જ ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને છત્તીસગઢ સરકારના મંત્રી ઓ.પી. ચૌધરીનો પણ આ ટીમમાં સમાવેશ કરાયો છે. આ ટીમનો મુખ્ય ઉદ્દેશ્ય દેશના યુવાનોની આકાંક્ષાઓ, ચિંતાઓ અને અપેક્ષાઓને સમજવાનો તથા તેમને સીધા ભાજપના ટોચના નેતૃત્વ સાથે સંવાદ સાધવા માટેનું મંચ પૂરું પાડવાનો છે. આ કાર્યક્રમનો હેતુ યુવા મતદારો અને પહેલીવાર મત આપનારા નાગરિકો સાથે સંવાદ, ચર્ચા અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સીધો સંપર્ક સાધવાનો છે. જેના દ્વારા ભાજપ રોજગાર, ટેકનોલોજી, સ્ટાર્ટ-અપ અને શિક્ષણ જેવા મુદ્દાઓ પર યુવાનોના વિચારોને પોતાના એજન્ડામાં સામેલ કરવા માંગે છે. તાજેતરમાં ઘોષિત નવી રાષ્ટ્રીય ટીમમાં વિનોદ તાવડે અને સુનીલ બંસલને રાષ્ટ્રીય મહાસચિવ પદે યથાવત રાખવામાં આવ્યા છે, જ્યારે સ્મૃતિ ઈરાની, બિપ્લવ કુમાર દેવ અને સતીશ પૂનિયા જેવા નેતાઓને નવા રાષ્ટ્રીય મહાસચિવ તરીકે સામેલ કરવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને પાર્ટીના નવા રાષ્ટ્રીય કોષાધ્યક્ષ બનાવાયા છે.

### લઠ્ઠાકાંડના મૃતકોને ન્યાયની માંગ સાથે AAP નું અમદાવાદમાં વિરોધ પ્રદર્શન

# ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે આપના દેખાવો

**તકની શોધ**

## જ્યારે લઠ્ઠાકાંડ થાય છે ત્યારે જ સરકાર જાગે છે: ડો. કરન બારોટ AAP

• પ્રતિનિધિ દ્વારા અમદાવાદ

ભાવનગર લઠ્ઠાકાંડમાં જેમણે પોતાના જીવ ગુમાવ્યા અને જે પરિવારો અનાથ બન્યા, તેમના ન્યાય અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે આજે આમ આદમી પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં ઠેર ઠેર કલેક્ટર કચેરી સામે વિરોધ પ્રદર્શન કર્યું. અમદાવાદ ખાતે પણ આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટ, પ્રદેશ મહિલા મોરચા અગ્રણી નેહા કેવલરામાણી, રાજુ દીક્ષિત, દીપક દેસાઈ, મુકેશ ચૌહાણ, જતીન પટેલ, વિધાર્થી નેતા યાત્રિક પટેલ, ઝુબેર શેખ, ડિમ્પલબેન, મહેશ દેસાઈ, પિયુષ અગ્રાવત, રીના પંચાલ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમ દરમિયાન પ્રદેશ સંગઠન મંત્રી ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે, આજે આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિરોધ નોંધાવવામાં આવ્યો અને સાથે સાથે આમ આદમી પાર્ટી



સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં લઠ્ઠાકાંડના વિરોધમાં વિરોધ પ્રદર્શન કરી રહી છે. વિરોધ કરવાનું કારણ એ છે કે ગુજરાતમાં વારંવાર લઠ્ઠાકાંડ થાય છે, 2022 માં પણ લઠ્ઠાકાંડ થયો હતો, જેમાં અનેક લોકોના મૃત્યુ થયા હતા અને સરકારે કમિટી રચવાની વાત કરી હતી, કડક પગલાં લેવાની વાત કરી હતી, ત્યારબાદ બુટલેગરોને પકડ્યા, રેડ પડી, આવું બધું થયું પરંતુ હવે આરોપીઓ ખુલ્લામાં ફરી રહ્યા છે. ટીઆરપી ગેમ ઝોન કાંડ, ગંભીરા પુલ દુર્ઘટના સહિત ફેક્ટરીઓમાં આગ લાગવા જેવી અનેક ઘટનાઓ ઘટે છે તો જ્યારે બ્રિજ તૂટે તો તમામ બ્રિજની તપાસ થાય, ગેમઝોનમાં આગ લાગે તો તમામ ગેમ ઝોનને બંધ કરી દેવામાં આવે તો હવે જો લઠ્ઠાકાંડ થયો છે તો હવે અડ્ડાઓ બંધ કરાવી દેવામાં આવ્યા પરંતુ થોડા સમય બાદ ઝેરી દારૂ ફરીથી અલગ અલગ જગ્યાએ મળવાનું શરૂ થઈ જશે. સરકારને આ તમામ બાબતો ખબર છે પરંતુ સરકારે દારૂબંધી લાગુ કરવી પડે એ સરકાર કરતી નથી. ગુજરાતના સરહદી ગામડાઓમાં દારૂના ઠેકાઓનો ભાવ કરોડોમાં બોલાય છે અને ત્યાંથી કરોડોનો દારૂ વેચાય છે. જ્યારે કોઈ જનતા કે પત્રકાર જનતારેડ કરે છે તો તેને સરકાર મામૂલી ગણે છે અને એ બાબતે કોઈ કડક પગલાં લેવામાં આવતા નથી પરંતુ જ્યારે લઠ્ઠાકાંડ થાય છે ત્યારે સરકાર જાગે છે. તો આ તમામ મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે કે આ સરકાર સંવેદનશીલ અને જાગૃત છે એવી વાતો કરવામાં આવે છે તો હવે જ્યારે લઠ્ઠાકાંડના કારણે લોકોના મોત નીપજ્યા છે, તો સંવેદનશીલ સરકારના સંવેદનશીલ મંત્રી હર્ષ સંઘવીએ રાજીનામું આપી દેવું જોઈએ અને તેઓ સંવેદનશીલ છે એવું ગુજરાતના લોકો સમક્ષ બતાવવું જોઈએ.

### દુર્ઘટના થાય તો જવાબદાર કોણ?

# ગોરવા તળાવમાં ભાજપના કાઉન્સિલરો જેકેટ વગર તરાપા પર સવાર થયાં

## સુરક્ષા નિયમોનું કડક પાલન થાય તે માટે અસરકારક દેખરેખ અને કાર્યવાહી જરૂરી

• વડોદરા

વડોદરામાં 10 દિવસના આતિથ્ય બાદ શુક્રવારે મોડી રાતથી દશામાની પ્રતિમાઓનું વિસર્જન શરૂ થયું. શહેરના કૃત્રિમ તળાવોમાં ભક્તો દ્વારા વિસર્જન કરાયું. પોલીસ અને VMC દ્વારા સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ હતી. ગોરવા દશામા તળાવ ખાતે ભાજપના કાઉન્સિલરો લાઇફ જેકેટ વિના તરાપા પર જોવા મળ્યા. સુરક્ષા નિયમોની અવગણના સામે સવાલો ઉભા થયા છે કે દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની? વડોદરા શહેર સંસ્કાર નગરીમાં 10 દિવસનું આતિથ્ય માણ્યા બાદ દશામાની પ્રતિમાઓના વિસર્જનની પરંપરા શુક્રવારે મોડી રાતથી શરૂ થઈ હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં વડોદરા મહાનગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવોમાં ભક્તો દ્વારા દશામાની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ પ્રશાસન અને વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્થળો પર પોલીસ સ્ટાફ તેમજ ઉચ્ચ અધિકારીઓની તૈનાતી કરવામાં આવી હતી. તળાવમાં પ્રતિમા વિસર્જન માટે તરાપાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જોકે, સુરક્ષા વ્યવસ્થા વચ્ચે જ કેટલાક દ્રશ્યો તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરે તેવા જોવા મળ્યા હતા. ગોરવા દશામા તળાવ ખાતે ભાજપના કાઉન્સિલરો લાઇફ જેકેટ પહેર્યા વિના તરાપા પર સવાર થયેલા જોવા મળ્યા હતા. તળાવમાં ઉતરતી વખતે લાઇફ જેકેટ સહિતની સુરક્ષા વ્યવસ્થા જરૂરી હોવા છતાં જવાબદાર વ્યક્તિઓ દ્વારા જ તેની અવગણના કરવામાં આવતી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. જો આ દરમિયાન કોઈ દુર્ઘટના સર્જાય અને જાનહાનિ થાય તો તેની જવાબદારી કોની? તેવો સવાલ ઉઠી રહ્યો છે. માત્ર



ગોરવા જ નહીં, અન્ય કેટલાક કૃત્રિમ તળાવો ખાતે પણ આવી જ રીતે સુરક્ષા નિયમોની અવગણના કરતા દ્રશ્યો જોવા મળ્યા હતા. એક તરફ પોલીસ અને મનપાની ટીમને સુરક્ષા વ્યવસ્થા માટે સ્થળ પર તૈનાત કરવામાં આવી હતી, ત્યારે બીજી તરફ તેમની નજર સામે જ સુરક્ષાના નિયમોનું પાલન ન થતું હોય તો તંત્રની દેખરેખ સામે પણ પ્રશ્નો ઉભા થાય છે. દશામાની પ્રતિમાઓના વિસર્જન દરમિયાન મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હોય છે. આવી સ્થિતિમાં નાની બેદરકારી પણ ગંભીર દુર્ઘટનામાં પરિણમી શકે છે. તેથી જાનહાનિ ન સર્જાય તે માટે માત્ર પોલીસ અને અધિકારીઓની હાજરી પૂરતી નહીં, પરંતુ સુરક્ષા નિયમોનું કડક પાલન થાય તે માટે અસરકારક દેખરેખ અને કાર્યવાહી જરૂરી છે.


### 30થી વધુ મેડિકલ સ્ટોર અને એજન્સીઓમાં તપાસ

# અમદાવાદમાં બનાવટી દવાના વેચાણ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કાર્યવાહી

## નકલી 'નિકાર્ડિયા રિટાર્ડ-10'ના 1250 ટેબ્લેટ જપ્ત, રૂ.1.70 લાખનો શંકાસ્પદ દવાનો જથ્થો પ્રતિબંધિત કરાયો

• પ્રતિનિધિ દ્વારા ગાંધીનગર

રાજ્યના નાગરિકોને જીવનજરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે ગુજરાત સરકારના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા બનાવટી, ડુપ્લિકેટ અને ગેરકાયદેસર દવાઓના વેચાણ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં મળેલી બાતમીના આધારે અમદાવાદ સહિત વિવિધ સ્થળોએ છેલ્લા ત્રણ દિવસથી સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. તંત્રને માહિતી મળી હતી કે J.B. Chemicals & Pharmaceuticals Ltd., ભરૂચ દ્વારા ઉત્પાદિત NICARDIA RETARD 10 TABLET, બેચ નંબર ACG25007ની બનાવટી અથવા ડુપ્લિકેટ દવા અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલી લીલાવતી ફાર્મસી એન્ડ વેલનેસ પ્રા. લિ. ખાતે વેચાતી હોવાની શક્યતા છે. આ માહિતીના આધારે તા. 19 ઓગસ્ટ, 2026થી અમદાવાદ અને અન્ય સ્થળોએ તપાસ શરૂ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન તંત્ર દ્વારા 30થી વધુ પેઢીઓ અને મેડિકલ સ્ટોરમાં તપાસ કરવામાં આવી છે. તપાસ હજુ પણ ચાલુ છે. તપાસ દરમિયાન નડિયાદના કિશન મેડિકલ સ્ટોરમાંથી J.B. Chemical & Pharmaceutical Limited, Bharuchના નામે દર્શાવાયેલી NICARDIA RETARD 10 TABLETS, Batch No. ACG25007નો જથ્થો મળી આવ્યો હતો. આ દવાના કુલ 660 ટેબ્લેટ નિયત નમૂના હેઠળ જપ્ત કરી તેનું પરીક્ષણ કરવા માટે મોકલી આપવામાં આવ્યું છે. પાર્શ્વ મેડીકલ એજન્સી, પાલડી, અમદાવાદથી Apex Pharma Agency, Bhavnagar મારફતે રોટરી ટીમ્બી મેડીકલ સ્ટોર્સ, ટીમ્બી જી: ભાવનગર ને સપ્લાય કરવામાં આવેલ ઉક્ત દવાની 590 Tablets ટેબ્લેટનો જથ્થો જપ્ત કરેલ છે. આ ઉપરાંત તપાસ દરમિયાન અન્ય શંકાસ્પદ દવાઓના પણ નમૂના લેવામાં આવ્યા છે અને સંબંધિત જથ્થાને પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. તેમાં વિવિધ બેચની Nicardia Retard 20 Tablets, Cilacar 5, Cilacar 10, Cilakar TM 50 તથા Nicardia Retard 10 Tabletsનો સમાવેશ થાય છે. વિવિધ પેઢીઓમાંથી અંદાજે રૂ. 1.70 લાખની કિંમતનો શંકાસ્પદ દવાનો જથ્થો નિયત નમૂના હેઠળ પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં શંકાસ્પદ દવાની સપ્લાય ચેન પણ સામે આવી છે. તપાસ મુજબ સપ્લાય ચેન નીચે મુજબ છે. સેના ફાર્માસ, લખનઉ (ઉત્તર પ્રદેશ) પાર્થ મેડિકલ એજન્સી, પાલડી, અમદાવાદ પારસ ઈકોમેડ, સેટેલાઇટ, અમદાવાદ સાણંદ મેડિકલ સ્ટોર, સાણંદ લીલાવતી ફાર્મસી એન્ડ વેલનેસ પ્રા. લિ., સેટેલાઇટ, અમદાવાદ સુધી હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે અમદાવાદ, સુરત તથા ભુજ ખાતેની પણ અન્ય પેઢીઓની તપાસ હાથ ધરવામાં આવી



છે. - લીલાવતી ફાર્મસી એન્ડ વેલનેસ પ્રા. લિ., સેટેલાઇટ, અમદાવાદ- સાણંદ મેડિકલ સ્ટોર્સ, સાણંદ- પારસ ઈકોમેડ, સેટેલાઇટ, અમદાવાદ- પાર્શ્વ મેડિકલ એજન્સી, પાલડી, અમદાવાદ- ફાર્મા-365, અમદાવાદ- કિશન મેડિકલ સ્ટોર, નડિયાદ- અરિહંત મેડિકલ એજન્સી, સેટેલાઇટ, અમદાવાદ- જે.એલ.યુ. મેડિકલ એજન્સી, શાહીબાગ, અમદાવાદ- વર્ધમાન મેડિકલ એજન્સી, અમદાવાદ- સાગર ફાર્મા એજન્સી, જૂનાગઢ.- આગમ ગમ ફાર્માસ્યુટિકલ મેઘાણીનગર, અમદાવાદ- આયુષ મેડિકલ એજન્સી- સુમેલ, શાહીબાગ અમદાવાદ - એશ્યોર હેલ્થ કેર - દરીયાપુર અમદાવાદ- રિદ્ધિ મેડિકલ એજન્સી, સોલા અમદાવાદ- પારસ મેડિકલ એજન્સી, એલીસબ્રિજ અમદાવાદ- ગ્લોબલ ફાર્મા ઘાટલોડિયા અમદાવાદ - ગિરિરાજ હેલ્થ કેર પાલડી, અમદાવાદ - કે એમ ડિસ્ટ્રીબ્યુટર એલીસબ્રિજ, અમદાવાદ- મેરુ ફાર્મા સુરત - શ્યામ ડ્રીસ્ટ્રીબ્યુટર, સુરત - સંજીવની મેડિકલ ગાંધીધામ, ભુજ - એપેક્ષ ફાર્મા, ભાવનગર - રોટરી ટીંબી મેડિકલ સ્ટોર, ઉમરાળા, ભાવનગર - રામ મેડિકલ સ્ટોર, ભાવનગર - સત્યમ ફાર્મસી, ભાવનગર તંત્ર દ્વારા સંબંધિત અન્ય પેઢીઓની ખરીદ-વેચાણની વિગતોની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. સમગ્ર મામલે સઘન તપાસ ચાલુ છે અને તપાસનો વ્યાપ ઉત્પાદક સુધી લઈ જવામાં આવશે. જરૂર જણાશે તો સંડોવાયેલા લોકો સામે પોલીસ કાર્યવાહી પણ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને ગુણવત્તાયુક્ત અને સલામત દવાઓ મળી રહે તે માટે ગેરકાયદેસર, બનાવટી અને કાઉન્ટરફેટ દવાઓના વેચાણમાં સંકળાયેલા તત્વો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે..

### નશા મુક્તિ નો સામુહિક સંકલ્પ લેવાયા

# નશા મુક્તિ માટે ૧૦ કરોડ લોકોના સંકલ્પ લેવડાવવાનું સ્નેહમિલન



• પ્રતિનિધિ દ્વારા ગાંધીનગર

બ્રહ્માકુમારીઝ સેકટર.૨૮ ગાંધીનગર પ્રભારી આદરણિય રાજયોગિની કૈલાશ દીદીજી દ્વારા ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન- ગેજીયા, સેકટર.૨૫ ગાંધીનગર ખાતે પવિત્ર રક્ષાબંધન અને નશા મુક્તિ માટે ૧૦ કરોડ લોકોના સંકલ્પ લેવડાવવાનો સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ. મીડિયા સંયોજક ભરત શાહના જણાવ્યા અનુસાર, પ્રભુ યાદ ના આધ્યાત્મિક ગીત ગુંજન સાથે પરમાત્માના આહવાન અને સ્વાગત બાદ આધ્યાત્મિક રક્ષાબંધન તથા ભારત સરકારના સહયોગથી 'પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય' દ્વારા નશા મુક્તિ માટે ૧૦ કરોડ લોકોના સંકલ્પ લેવડાવવાના હેતુથી ચલાવવામા આવી રહેલ વિશાળ રાષ્ટ્રવ્યાપી અભિયાનની સચિત્ર રજુઆત કરવામાં આવી. તત પશ્ચ્યાત દીદીજી અને બી.કે. કૃપલબેન દ્વારા સ્નેહમિલનમાં ઉપસ્થિત 20 જેટલા ઉધ્યોગપતિઓને આત્મસ્મૃતિ નું તિલક કરી ઈશ્વરીય સ્નેહ, શક્તિ, વરદાન સભર રાખડી બાંધવામા આવેલ. અને મુખ મીઠુ કરાવવામા આવેલ.

રક્ષાબંધન બાદ બ્રહ્માકુમારીઝ દ્વારા નશા મુક્તિ માટે ૧૦ કરોડ લોકોના સંકલ્પ લેવડાવવા ના કાર્યક્રમ તળે સૌએ નશા મુક્તિ નો સામુહિક સંકલ્પ લઈ પોતાની કંપની નુ પ્રતિનિધિત્વ દર્જ કરેલ.

### પોણાચાર કરોડની ઠગાઈના કેસમાં

# સિધ્ધેશ્વર પ્રાઇમ ગ્રુપના સુરેશ પાનસુરિયા અને તેનો ભાઈ જેલમાં ધકેલાયા

## રિમાન્ડ પુરા થતાં તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા

• વડોદરા

વડોદરામાં હરણી-સમા રોડ પર સિધ્ધેશ્વર પ્રાઇમ પ્લસ અને પેરેડાઇઝ સ્કીમમાં રોકાણના નામે 3.75 કરોડની ઠગાઈ થઈ છે. બિલ્ડર સુરેશ પાનસુરિયા અને ભાઈ મનીષ પાનસુરિયાને જેલમાં મોકલાયા છે. દર્શિત શાહ પાસેથી 3 કરોડનું રોકાણ કરાવી વળતર ન આપતા ફરિયાદ થઈ હતી. અન્ય 2 રોકાણકારોએ પણ 0.75 કરોડ ગુમાવ્યા હતા. પોલીસે વધુ ભોગ બનનારને સંપર્ક કરવા અપીલ કરી છે.

હરણી-સમા લિન્ક રોડ પર આવેલી સિધ્ધેશ્વર પ્રાઇમ પ્લસ અને સિધ્ધેશ્વર પેરેડાઇઝ સ્કીમમાં ઈન્વેસ્ટમેન્ટના નામે રૂ.પોણા ચાર કરોડની ઠગાઈના કેસમાં પકડાયેલા બિલ્ડર સુરેશ પાનસુરિયા અને તેના ભાઈ મનીષ પાનસુરિયાને જેલમાં મોકલવામાં આવ્યા છે.

દર્શિત શાહ નામના ઈન્વેસ્ટર પાસે સ્કીમમાં રૂ.૩ કરોડનું રોકાણ કરાવ્યા બાદ એસપી ઈન્ફ્રા ગુરૂપના બિલ્ડરોએ બે ટકાનું વળતર આપવાનું બંધ કરી મૂડી પરત નહિ કરતાં તેમણે



પોલીસ ફરિયાદ કરી હતી. જેને આધારે હરણીના પીઆઈ એસવી વસાવાએ બિલ્ડર અને અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ સુરેશ ભદાભાઈ પાનસુરિયા તેમજ તેના ભાઈઓ અને પુત્ર સામે ગુનો નોંધ્યો હતો. આ ફરિયાદમાં અન્ય બે ઈન્વેસ્ટરો પણ ફરિયાદમાં જોડાયા હતા, જેમણે રૂ.પોણો કરોડ જેટલી રકમ ગૂમાવી હતી. બે દિવસ પહેલાં સુરેશ પાનસુરિયા અને તેનો મનીષ પાનસુરિયા ઝડપાઈ જતાં તેમને એક દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. જે રિમાન્ડ પુરા થતાં તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

દરમિયાનમાં એસીપી જીબી બાંભણિયાએ પાનસુરિયા બંધુના ભોગ બનેલાઓને પોલીસનો સંપર્ક કરવા અપીલ કરાતાં પાંચ થી છ જેટલા લોકોએ હરણી પોલીસનો સંપર્ક કર્યો હતો. પરંતુ હજી સુધી તેઓ ફરિયાદ કરવા માટે તૈયાર થયા નહતા.

# અલકાપુરીના સારથી એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાંથી દારૂની ૬૦ બોટલ કબજે


• વડોદરા

અલકાપુરીના એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાંથી પોલીસે મોંઘી બ્રાન્ડની 60 વિદેશી દારૂની બોટલો કબજે કરી છે. આર.સી.દત્ત રોડ સારથી કોમ્પ્લેક્સમાં કેવલ બામણીયા દારૂ વેચતો હોવાની બાતમી મળતા PCB પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં 1.36 લાખની કિંમતનો દારૂ મળ્યો હતો, પરંતુ આરોપી કેવલ બામણીયા ફરાર છે. પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. અલકાપુરીના એક એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાંથી પોલીસે મોંઘી બ્રાન્ડની વિદેશી દારૂની ૬૦ બોટલ કબજે કરી આરોપીની શોધખોળ શરૂ કરી છે. પીસીબી પોલીસને માહિતી મળી હતી કે, આર.સી.દત્ત રોડ સારથી કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં સીડી નીચે કેવલ બામણીયા (રહે. વાસણા રોડ) વિદેશી દારૂની બોટલો મૂકી રાખી વેચાણ કરે છે.


### સિનિયર સિટીઝનની સુરક્ષા માટે ગુજરાત પોલીસનો સંવેદનશીલ અભિગમ

# વર્લ્ડ સિનિયર સિટીઝન ડે નિમિત્તે શી ટીમે વડીલોની સમસ્યાઓ જાણી

## શી ટીમ દ્વારા કુલ ૨૩૦૦ થી વધુ સિનિયર સિટીઝનની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી







• પ્રતિનિધિ દ્વારા ગાંધીનગર

વર્લ્ડ સિનિયર સિટીઝન ડે નિમિત્તે ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં સીનીયર સીટીઝન સાથે રૂબરૂ સંવાદ અને જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. પોલીસ કર્મચારીઓએ વડીલોની મુલાકાત લઈ તેમની સમસ્યાઓ અને ચિંતાઓ જાણી સુરક્ષા, સલામતી અને જરૂરી સહાય અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતના એડિશનલ ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ (CID ક્રાઈમ, મહિલા સેલ) અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, વડીલોનું સન્માન કરવું એ માત્ર સામાજિક જવાબદારી જ નહીં, પરંતુ સમાજમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારા વરિષ્ઠ નાગરિકો પ્રત્યેની આપણી ફરજ પણ છે.

વિશ્વ વરિષ્ઠ નાગરિક દિવસનો મુખ્ય હેતુ વરિષ્ઠ નાગરિકોના યોગદાન, અનુભવ અને અધિકારોને માન્યતા આપવાની સાથે તેમના સ્વાસ્થ્ય, સુરક્ષા અને સુખાકારી અંગે જાગૃતિ વધારવાનો છે. રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં શી ટીમ દ્વારા ૨૩૦૦થી વધુ સિનિયર સિટીઝનની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમોને વરિષ્ઠ નાગરિકો સાથે સમય વિતાવવા, તેમની સમસ્યાઓ સાંભળવા તેમજ તેઓ એકલવાયા કે ઉપેક્ષિત ન અનુભવે તે સુનિશ્ચિત કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. રાજ્યભરમાં શહેરો અને જિલ્લાઓમાં પોલીસ ટીમોએ સિનિયર સિટીઝનોની ઘરે જઈ મુલાકાત લીધી હતી.

આ દરમિયાન તેમની સુરક્ષા અને સલામતી અંગેની ચિંતાઓ જાણી જરૂરી માહિતી અને સહાય પૂરી પાડવામાં આવી હતી. આ પહેલનો હેતુ પોલીસ અને વરિષ્ઠ નાગરિકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાનો તેમજ વૃદ્ધો માટે સુરક્ષિત અને સહાયક વાતાવરણ ઊભું કરવાનો છે. સાથે જ, વરિષ્ઠ નાગરિકોની વિશિષ્ટ જરૂરિયાતો પ્રત્યે પોલીસ કર્મચારીઓમાં વધુ સંવેદનશીલતા વિકસે તે દિશામાં પણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

# સનીએ મુસ્લિમનું પાત્ર ભજવ્યું તેનાથી અનેકને આઘાતઃ સંતોષી



• મુંબઈ

મુંબઈમાં, રાજકુમાર સંતોષી 'બટવારા 1947' ફિલ્મના પ્રમોશન માટે પ્રયાસ કરી રહ્યા છે. તેમણે ગુરુવારે વિવિધ ધર્મના નેતાઓ માટે ખાસ શોનું આયોજન કર્યું હતું. સંતોષીએ જણાવ્યું કે, સની દેઓલને મુસ્લિમ પાત્રમાં લેવો પડકારજનક હતું, પણ તેઓ સંદેશ આપવા માટે યોગ્ય હતા. બોક્સ ઓફિસ પર નિરાશાજનક દેખાવ છતાં, પ્રેક્ષકોના વખાણથી સંતોષીને આનંદ થયો છે.

રાજકુમાર સંતોષીએ કબુલ્યું છે કે 'બટવારા ૧૯૪૭'માં સની દેઓલ મુસ્લિમનું પાત્ર ભજવે છે તે અનેક લોકો માટે આઘાતજનક બાબત હતી.

રાજકુમાર સંતોષી તેમની નિદેશિત ફિલ્મ 'બટવારા ૧૯૪૭'ને પુશ કરવા માટે હજી આકાશપાતાળ એક કરી રહ્યા છે. ગુરૂવારે તેમણે વિવિધ ધર્મના નેતાઓ માટે ફિલ્મના ખાસ શોનું આયોજન કર્યું હતું. શો બાદ રાજકુમાર સંતોષીએ જણાવ્યું હતું કે વિવિધ ધર્મના નેતાઓએ મારી ફિલ્મના જે રીતે વખાણ કર્યા તે જોતાં લાગે છે કે મેં ખરેખર કશુંક હાંસલ કર્યું છે. મારી ફિલ્મ વિશે આટલી સરસ વાતો સાંભળી મને સંતોષ થયો છે કે મારું કામ બરાબર થયું છે.

ફિલ્મમાં સની દેઓલ મુસ્લિમ પાત્ર તરીકે કાસ્ટ કરવાનું કેટલું મુશ્કેલ હતું તે બાબતે સંતોષીએ જણાવ્યું હતું કે કોઈ પાકિસ્તાન કે મુસ્લિમ હીરો ઈચ્છતું નહોતું. પણ અમે માનતા હતા કે સની અમારો સંદેશ આપવા માટે યોગ્ય વ્યક્તિ છે. મને વિશ્વાસ હતો કે લોકો ફિલ્મ જોવા થિયેટર્સમાં આવશે તો તે નિરાશ નહીં થાય. કારણ કે સની બહાદુર માણસનું પાત્ર ભજવે છે.

સંતોષીએ સ્વીકાર્યું હતું કે બોક્સ ઓફિસ પર ફિલ્મનો દેખાવ નિરાશાજનક રહ્યો છે પણ ઓડિયન્સ ફિલ્મ જોયા બાદ તેને વખાણે છે તે જોતાં મને લાગે છે કે મેં કશું સારું કર્યું છે.